# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

## આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1) ભારતે ઇંગ્લેન્ડ સામે છેલ્લી ટેસ્ટમાં 6 રનથી રોમાંચક વિજય મેળવ્યો - પાંચ મેચની શ્રેણી 2-2 થી સરભર કરી.
2) ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ રોમુઅલડેઝ માર્કોસ જુનિયર ભારતની પાંચ દિવસની મુલાકાતે આવી પહોંચ્યા.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પરીક્ષા પે ચર્ચા પહેલને સૌથી વધુ લોકોએ નોંધણી કરાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડથી સન્માનિત કરવામાં આવી
4) સંસદના બંને ગૃહોની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત
5) ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું ૮૧ વર્ષની વયે અવસાન થયું
6) ગલવાન ખીણમાં થયેલી અથડામણ અંગે રાહુલ ગાંધીની કથિત અપમાનજનક ટિપ્પણી બદલ સર્વોચ્ચ અદાલત નારાજગી વ્યક્ત કરી

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE CRICKET

ક્રિકેટમાં, ભારતે આજે લંડનના ઓવલ ખાતે ઇંગ્લેન્ડ સામે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની છેલ્લી ટેસ્ટમાં 6 રનથી રોમાંચક વિજય મેળવ્યો અને પાંચ મેચની શ્રેણી 2-2 થી સરભર કરી.

યજમાન ઇંગ્લેન્ડ પાંચમા દિવસે બીજા દાવમાં 367 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. સિરાજ ભારતીય ટીમનો હીરો રહ્યો અને તેણે બીજી ઇનિંગમાં પાંચ વિકેટ સહિત નવ વિકેટ લીધી.

યજમાન ટીમે 6 વિકેટ ગુમાવીને 339 રનથી પોતાનો બીજો દાવ શરૂ કર્યો હતો. ભારતે પહેલી ઇનિંગમાં 224 અને બીજી ઇનિંગમાં 396 રન બનાવ્યા હતા. જ્યારે ઇંગ્લેન્ડ પહેલી ઇનિંગમાં 247 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું.

મોહમ્મદ સિરાજને મેન ઓફ ધ મેચ જ્યારે શુભમન ગિલ અને હેરી બ્રુક બંનેને મેન ઓફ ધ સીરીઝ જાહેર કરવામાં આવ્યા.

. . . . . . . . . . .

# Randhir Jaiswal - President of the Philippines

ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ ફર્ડિનેન્ડ રોમુઅલડેઝ માર્કોસ જુનિયર આજે ભારતની પાંચ દિવસની મુલાકાતે નવી દિલ્હી આવી પહોંચ્યા. એક સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે

જણાવ્યું હતું કે વિદેશ રાજ્યમંત્રી પબિત્રા માર્ગેરિટાએ શ્રી માર્કોસનું સ્વાગત કર્યું હતું.

(વોઇસકાસ્ટ – અક્ષિત)

ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી રાષ્ટ્રપતિ માર્કોસની આ પહેલી ભારત મુલાકાત છે. રાષ્ટ્રપતિ માર્કોસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળશે. વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર પણ આ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ માર્કોસને મળશે.

. . . . . . . . . .

# PM- PARIKSHA Pe Charcha

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુખ્ય પહેલ, પરીક્ષા પે ચર્ચાને 'એક મહિનામાં નાગરિક જોડાણ મંચ પર સૌથી વધુ લોકોએ નોંધણી કરાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. આ MyGov મંચ પર આયોજિત કાર્યક્રમના આઠમા સંસ્કરણ દરમિયાન ત્રણ કરોડ 53 લાખ નોંધણીઓ સાથે થયેલી સિદ્ધિનો પુરાવો છે.

પરીક્ષા પે ચર્ચા એ શ્રી મોદી દ્વારા કલ્પના અને નેતૃત્વ હેઠળનું એક અનોખું મંચ છે, જ્યાં પ્રધાનમંત્રી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે સીધો વાર્તાલાપ કરે છે. આજે નવી દિલ્હીમાં આયોજિત એક સમારોહમાં સત્તાવાર ગિનિસ વર્લ્ડ રેકોર્ડ પ્રમાણપત્ર ઔપચારિક રીતે રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ અને અન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે શ્રી પ્રધાને જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તણાવને શિક્ષણના ઉત્સવમાં ફેરવીને પરીક્ષાના રાષ્ટ્રીય અભિગમ તરીકે પરીક્ષા પે ચર્ચાને ફરીથી વ્યાખ્યાયિત કરવામાં આવી છે.

આ પ્રસંગે અશ્વિની વૈષ્ણવે "પરીક્ષા પે ચર્ચા" ને એક અનોખી પહેલ ગણાવી જેણે વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને સુખાકારી અને તણાવમુક્ત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે એકસાથે લાવ્યા.

. . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## Parliament - Adjournment

સંસદના બંને ગૃહોની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી છે. ઝારખંડ મુક્તિ મોરચાના વરિષ્ઠ નેતા અને વર્તમાન સાંસદ શિબુ સોરેનને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી હતી. બીજી તરફ, બિહારમાં ખાસ સઘન સમીક્ષા કવાયત

પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભાની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. પહેલા મુલતવી રહ્યા પછી ચર્ચા માટે બપોરે 2 વાગ્યે જ્યારે લોકસભાની કાર્યવાહી શરૂ થઈ, ત્યારે વિપક્ષી પક્ષો સઘન સમીક્ષા કવાયત પર ચર્ચાની માંગણી સાથે ગૃહની મધ્યમાં આવી ગયા હતા.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ વિપક્ષી સાંસદોના હોબાળા પર નારાજગી વ્યક્ત કરી અને કહ્યું કે  વિપક્ષ દ્વારા ગૃહમાં હોબાળો કરવો અને કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવી યોગ્ય નથી.

(બાઇટ- કિરણ રિજિજુ)

. . . . . . . . .

# EVE SHIBU SOREN DEATH

ઝારખંડના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શિબુ સોરેનનું આજે સવારે નવી દિલ્હીમાં ૮૧ વર્ષની વયે અવસાન થયું. રાજ્યસભાના સાંસદ શિબુ સોરેન કિડનીની બીમારીથી પીડાતા હતા અને દોઢ મહિના પહેલા તેમને સ્ટ્રોક આવ્યો હતો. તેઓ છેલ્લા એક મહિનાથી દિલ્લીની સર ગંગા રામ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.

રાષ્ટ્રપતિ, દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ  હોસ્પિટલની મુલાકાત લઈને શ્રી સોરેનને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાષ્ટ્રપતિ મુર્મુએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, શ્રી સોરેનનું અવસાન સામાજિક ન્યાયના ક્ષેત્રમાં એક મોટું નુકસાન છે. તેમણે આદિવાસી ઓળખ અને ઝારખંડ રાજ્યના નિર્માણ માટે અથાક પ્રયાસો કર્યા હતાં.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ. સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે, શ્રી સોરેને આદિવાસી સમુદાયો, ગરીબ અને ઉપેક્ષિત લોકોના સશક્તિકરણ માટે વિશેષ પ્રયાસો કર્યા છે. પ્રધાનમંત્રીએ સોરેનના પરિવાર અને ચાહકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. ઝારખંડમાં આજથી ત્રણ દિવસનો રાજ્ય શોક જાહેર કરવામાં આવ્યો છે. શ્રી શિબુ સોરેનના નિધનને કારણે ઝારખંડ વિધાનસભાનું ચોમાસુ સત્ર અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવ્યું છે.

. . . . . . . . . .

# Rahul Supreme

૨૦૨૦ માં ચીન સાથેની ગલવાન ખીણમાં થયેલી અથડામણના સંદર્ભમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા ભારતીય સેના વિશે કરવામાં આવેલી કથિત અપમાનજનક ટિપ્પણીઓ પર સર્વોચ્ચ અદાલતે નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી દરમિયાન અદાલતે શ્રી ગાંધીની ટિપ્પણીઓને મૌખિક રીતે ફગાવી દીધી હતી.

ન્યાયાધીશ દીપાંકર દત્તા અને એ.જી. મસીહની ખંડપીઠે કહ્યું કે વિપક્ષી નેતા હોવાને કારણે, શ્રી રાહુલ ગાંધીએ સંસદમાં આવી ટિપ્પણીઓ કરવી જોઈએ, નહીં કે સોશિયલ મીડિયા પર..

બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન - બીઆરઓના પૂર્વ નિયામકે દાખલ કરેલી ફોજદારી માનહાનિ કેસ પર મનાઇહુકમ મૂકતા, સર્વોચ્ચ અદાલતે અલ્હાબાદ વડી અદાલત દ્વારા કાર્યવાહી રદ કરવાના ઇનકાર સામે શ્રી ગાંધીની અરજી પર નોટિસ પાઠવી છે, અને વડી અદાલતના આદેશ પર ત્રણ અઠવાડિયાનો વચગાળાનો  મનાઇહુકમ આપ્યો.

. . . . . . . . . .

# BJP- Rahul

ગાલવાન ખીણમાં થયેલી અથડામણ પછી સેના પર કથિત ટિપ્પણી બદલ સર્વોચ્ચ અદાલત કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ઠપકો આપ્યા બાદ, ભાજપે રાહુલ ગાંધીની ટીકા કરી છે. નવી દિલ્હીમાં પાર્ટી પ્રવક્તા ગૌરવ ભાટિયાએ શ્રી ગાંધીની ટિપ્પણીને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી હતી. તેમણે કહ્યું હતું કે લોકસભામાં વિપક્ષના નેતા શ્રી ગાંધીએ બેજવાબદાર ટિપ્પણી કરી છે અને સેનાનું મનોબળ ઓછું કર્યું છે.

. . . . . . . . .

# Balochistan-Human Rights Violations

માનવ અધિકાર સંગઠને કહ્યું છે કે પાકિસ્તાનની સેના અને સરકાર સમર્થિત ટુકડીઓએ 2025માં અત્યાર સુધીમાં બલુચિસ્તાનમાં 785 લોકોને બળજબરીથી ગુમ કર્યા છે અને 121 લોકોની હત્યા કરી છે. બલુચ નેશનલ મૂવમેન્ટના માનવ અધિકાર વિભાગે જણાવ્યું હતું કે પીડિતોમાં વિદ્યાર્થીઓ, પત્રકારો અને શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓનો સમાવેશ થાય છે.

માનવ અધિકાર સંગઠનોએ પીડિતોને ન્યાય સુનિશ્ચિત કરવા અને વધુ ઉલ્લંઘનો અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય તપાસની માંગ કરી છે.

. . . . . . . . .

# Bihar-Nitish

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે આજે આગામી શિક્ષક ભરતી પરીક્ષાના ચોથા તબક્કા માટે ડોમિસાઇલ નીતિ લાગુ કરવાની જાહેરાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં મુખ્યમંત્રીની આ જાહેરાત મુજબ, શિક્ષક

ભરતી પરીક્ષાના ચોથા તબક્કા માટે ફક્ત બિહારના રહેવાસી શિક્ષકો જ અરજી કરી શકશે. આ પરીક્ષા બિહાર જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવશે.

મુખ્યમંત્રીએ આ માટે શિક્ષક ભરતી પ્રક્રિયાના નિયમોમાં ફેરફારની પણ જાહેરાત કરી.

. . . . . . . . .

# TELANGANA CABINET

તેલંગાણામાં, ન્યાયાધીશ પીસી ઘોષ કમિશને રાજ્યમાં કાલેશ્વરમ લિફ્ટ સિંચાઈ પ્રોજેક્ટના આયોજન, અમલ, સંચાલન અને જાળવણીમાં ગેરરીતિઓ માટે પૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવને સીધા અને આડકતરી રીતે જવાબદાર ઠેરવ્યા છે. કમિશને તત્કાલીન સિંચાઈ મંત્રી ટી હરીશ રાવ, જે કેસીઆરના ભત્રીજા છે, તેમને પણ આ ગેરરીતિઓ માટે જવાબદાર ઠેરવ્યા છે.

રાજ્યના સિંચાઈ મંત્રી ઉત્તમ કુમાર રેડ્ડીએ કેબિનેટની બેઠકમાં કાલેશ્વરમ પ્રોજેક્ટમાં ગેરરીતિઓ અંગે ઘોષ કમિશનનો અહેવાલ રજૂ કર્યો હતો.

. . . . . . . . .